




અમરેલી, ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૨-૦૦
તા.૩૦-૧૧-૨૦૨૩ ગુરૂવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરુડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ કારતક વદ ૩ વર્ષ : ૨૮ અંક ૯૨







## કમૌસમી વરસાદથી નુકશાન થતા રાજ્ય સરકારે સર્વે કરવા આદેશ આપ્યો પણ માત્ર ઘર વખરી કે જાનહાની, નુકશાન થયું હોય તેમના માટે જ

# જિલ્લાનાં ખેતીપાક નુકશાનનો પ્રાથમિક અહેવાલ મોકલાયો

### અમરેલી જિલ્લામાં મોટા ભાગનો કપાસ હજુ ખેતરોમાં ઉભો છે ત્યારે ખેતીપાકો કે અન્ય નુકશાની અંગે રાજ્ય સરકાર દ્વારા કોઇ આદેશ કરવામાં આવ્યો નથી

### જિલ્લા ખેતીવાડી ખાતુ કહે છે એસડીઆરએફમાં આદેશ : જિલ્લામાં જાનહાની કે ઘર વખરીને કોઇ નુકશાન નથી : હવે આદેશ થશે તો જિલ્લામાં સર્વે કરાવીશું

અમેરલી,અમરેલી જિલ્લામાં બે દિવસ પુર્વે કમૌસમી વરસાદને કારણે ખેતીપાકો સહિત ચિજવસ્તુઓનું ભારે નુકશાન થયાને પગલે રાજ્ય સરકારે પણ ગંભીરતા દાખવી નુકશાનીનો સર્વે કરવા આદેશ કર્યો હતો. તેનાથી લોકોમાં ગેરસમજ ઉભી થઇ છે. કારણ કે, તે આદેશ એસડીઆરએફ એટલે કે જાનહાની કે ઘર વખરીને નુકશાન થયું હોય તેના માટે જ હતો. જ્યારે ખેતીપાકો કેઅન્ય નુકશાનીઅંગે રાજ્ય સરકાર દ્વારા કોઈ આદેશ કરવામાં આવ્યો નથી. આ અંગે અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રીકાનાણીએ ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લામાં અંશતઃ નુકશાન થયું છે પણ કોઈ જાનહાની કે ઘરવખરીને નુકશાન થયું નથી. છતા અમરેલી જિલ્લામાં અંશતઃ નુકશાનીનો પ્રાથમિક અહેવાલ રાજ્ય સરકારમાં મોકલવામાં આવ્યો છે. હવે રાજ્ય સરકાર આદેશ કરશે તો અમરેલી જિલ્લામાં નુકશાનીનો જનરલ સર્વે કરાશે. તેમ જિલ્લા ખેતીવાડી વિભાગ વતી શ્રી કાનાણીએ જણાવ્યું હતું.

### બે દિવસની રીમાન્ડ ઉપર લેવાયેલા

# ધારીના મધુબેન જોષીની હત્યાનાં બે આરોપીઓ જેલહવાલે

### અગાઉ એક આરોપીને પકડી રીમાન્ડ પુર્ણ થતા જેલહવાલે કરાયો હતો

અમરેલી,ધારીમાં મહીલા આગેવાન મધુબહેનજોષીનીહત્યામાંઝડપાયેલાબે

(અનુ. પાના નં.૫)


-:: જોઇએ છે ::-

(૧) એકાઉન્ટન્ટ - ૧ ફીમેઇલ - ૧
મિરેકલનો ૧ વર્ષનો અનુભવ હોવો જરૂરી
(૨) ઓનલાઇન માર્કેટીંગ કરી શકે તેવા મેઇલ / ફીમેઇલ ૦૧

જે બ્રધર સ્પાઇસીસ એન્ડ એગ્રી એક્ષપોર્ટ પ્રા.લી.
અમરેલી - લાઠી હાઇવે, તથાસ્તુ વિદ્યાપીઠ સામે, મુ.કેરાળા
(કોલ / રૂબરૂ - ૯૧૦૬૭ ૫૮૨૧૬)
ટાઇમ ૯ થી ૧૧ અને ૩ થી ૬
ખાસ નોંધ :- અપ ડાઉન કરી શકે તેઓએ કોન્ટેક્ટ કરવો

આપની સેફ્ટી તેમજ આરામદાયક મુસાફરીએ જ અમારૂ લક્ષ્ય
સૌથી ઓછા રેટમાં
હુંડાઇ અલ્ઝાર...(૭ સીટર)
ઇનોવા ક્રિસ્ટા...(૭ સીટર)
મારૂતી અર્ટીગા...(૭ સીટર)
મારૂતી બ્રેઝા...(૪ સીટર)
હુંડાઈ વરના...(૪ સીટર)
હુંડાઈ ક્રેટા...(૪ સીટર)
A/C NON A/C

જય માતાજી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ધવલભાઈ મકવાણા - મો. ૯૯૦૪૦ ૨૫૧૭૮
ગોવિંદભાઈ મકવાણા - મો. ૯૪૨૭૯ ૩૫૨૮૦,
ઓનલાઈન બુકિંગ માટે :- jaymatajitourandtravel.com

હાઉસફુલ... હાઉસફુલ... હાઉસફુલ...
ઠંડીના લાગે તેવા તંબુમાં નિહાળો...
દર રવિવારે બે શો.... ૬:00 તથા ૯:30 કલાકે

સમીર પટેલ પ્રસ્તુત
મેજીક ઓફ ઈન્ડિયા
દરરોજ રાત્રે ૯:30 કલાકે
સ્થળ : મ્યુનિ.ગર્લ્સ સ્કૂલ નાગનાથ મંદિર પાસે, અમરેલી.
સ્થળ ઉપર એડવાન્સ બુકિંગનો સમય સાંજે ૪ થી ૬ તથા રવિવારના શો નું બુકિંગ બપોરના ૨:૦૦ થી ૫:૦૦ સુધી
ટીકીટના દર
વી.આઇ.પી. રૂા. ૧૫૦ ■ ફર્સ્ટ કલાકસ રૂા. ૧૦૦
સેકન્ડ કલાસ રૂા. ૭૦
ગ્રુપ શો, ચેરીટી શો તેમજ સામાજીક સંસ્થાના શો માટે સંપર્ક કરો. મો. ૭૩૫૯૮ ૦૦૧૪૧
બહારગામથી ૧૫ પેસેન્જર લઈ આવનાર વાહનના ડ્રાઈવરને ફ્રી પ્રવેશ આપવામાં આવશે

LIC
અમરેલી જિલ્લામાં એકમાત્ર...
CORPORATE CLUB MEMBER
સતત ૪ વર્ષથી C.O.T.
સતત ૧૩ વર્ષથી M.D.R.T.

મનિષભાઇ એસ.ભટ્ટ
૯૮૨૪૨ ૫૬૧૫૮

અમરેલીમાં પ્રવેશ માટે ઉત્તમ તક
● A.N.M. ● G.N.M. ● B.Sc.
● M.Sc. (N) ● P.B.B.Sc. (N)
SC, ST કેટેગરીના વિદ્યાર્થીઓને
૧૦૦% સ્કોલરશીપ ઉપલબ્ધ
બહેનો તથા ભાઇઓ માટે અલગ - અલગ હોસ્ટેલ સુવિધા
સંપર્ક : મો.૯૮૭૫૨ ૨૨૬૫૮

POLO PLUS CONTAINERS
પોલો પ્લસ
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહીં
શ્રેષ્ઠ પ્રોડક્ટ બનાવીએ છીએ...

100 - 150
200 - 300
લીટર માં ઉપલબ્ધ
100% ફૂડ ગ્રેડ મટીરીયલ
500 થી 10000 લિટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
14 વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૦૯૬ ૦૯૬૯૬

Sheetal
પ્રસંગ ખાસ, શીતલ છાશ,
બોલશો હાશ...

6 લીટર પાઉચમાં ઉપલબ્ધ
73000 51000

નારી વુમન & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
ડો. ચિરાગ વી. કુબાવત (M.B.D.G.O.) Endoscopy (FRANCE)
અમરેલી જીલ્લામાં દુરબીનની થતા ગાયનેક ઓપરેશનોના પહેલાં નિષ્ણાંત
ઉપલબ્ધ સુવિધાઓ :- નોર્મલ / જોખમી સિઝેરીયન ડીલીવરી - પેઇનલેસ (પીડા રહીત ડીલીવરી) 3D / ૪D કલર ડોપ્લર / ખોડખાપણની સોનોગ્રાફી - ટાંકાવાળું, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયનાં ઓપરેશન - વંધ્યત્વની વૈજ્ઞાનીક આધુનિક સારવાર / IUI - ૨૪ કલાક કાર્યરત લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સ સુવિધા
ડો. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
ઉપલબ્ધ સુવિધાઓ :- રસીકરણ કેન્દ્ર નવજાત શિશુ દાખલ કરવા અધતન NICU - આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણ વાળા બાળકોની સર્વાંગી તપાસ અને સારવાર - જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ / સારવાર.
સરનામું :- માણેકપરા, જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨) ૨૨૧૩૨૪
ઓપીડી સમય :- સોમ થી શનિ સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૮

ઉત્સાહી માણસ જોઇએ છે
જાહેર ખબરના બીલની ઉઘરાણી કરી શકે તેવા ઉત્સાહી માણસની જરૂર છે
માત્ર સ્થાનિક લોકોએ જ સંપર્ક કરવો
અવધ ટાઇમ્સ કાર્યાલય
હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી
અવધ ટાઇમ્સ કાર્યાલયે રૂબરૂ સંપર્ક કરવો
સંપર્ક સમય : સવારે ૧૧ થી ૧

Avadh HERITAGE
॥ અતિથી દેવો ભવ ॥
સૌરાષ્ટ્રનું નંબરવન નઝરાણું
કે.બી.ગ્રુપ
અવધ હેરિટેજ રિસોર્ટ
શુભ લગ્ન, રીંગ સેરેમની, મેરેજ એનીવર્સરી, બર્થ ડે
ડીલક્ષ રૂમ, સુપર ડીલક્ષ રૂમ
મહારાજા - મહારાણી સ્યુટ રૂમ
ફેમીલી રૂમ, પ્રિમીયમ રૂમ
એસી બેંક્વેટ હોલ - કલબ હાઉસ કોટેઝ
● સ્વીમીંગપુલ
ડીસ્કોથેક
ઇનડોર ગેમ, જીમ - સિનેમા
પંજાબી, ચાઇનીઝ, સાઉથ ઇન્ડીયન, કોન્ટીનેન્ટલ, હોટ કોલ્ડ બેવરેજીસ
દેશ વિદેશમાં ધુમ મચાવનાર
અવધ શાહી દરબાર રેસ્ટોરન્ટ

અમરપુર વરૂડી, અમરેલી મો.૯૪૦૮૧ ૯૧૦૦૦, (૦૨૭૯૨) ૨૯૯ ૨૯૮

Swara Skin/Hair/Laser Clinic
Dr. Chirag Vamja
M.D. (Skin & VD)
ઉપલબ્ધ સુવિધાઓ
● હેર ટ્રાન્સપ્લાન્ટ
● લેસર હેર રીમુવલ
● એન્સ ટ્રીટમેન્ટ
● વીટીલીગો ટ્રીટમેન્ટ
● વોર્ટસ એન્ડ સ્કીન ટેગ રીમુવલ
● હેરફોલ ટ્રીટમેન્ટ
● કેમીકલ પીલ
● હાઇડ્રા ફેસીઅલ
● પીઆરપી ટ્રીટમેન્ટ

સ્વરા સ્કીન/હેર/લેસર ક્લીનીક
C/o કલરવ હોસ્પિટલ, કેરીયા રોડ, રેલ્વે ફાટક પાસે, ઇનકમટેક્ષ ઓફિસ પાસે, અમરેલી - ૩૬૫૬૦૧.
મો. ૯૨૬૫૧ ૦૭૬૯૮

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
जिस दिन हम ये *समझ* जायेंगे कि
सामने वाला *गलत* नहीं है सिर्फ
उसकी *सोच* हमसे अलग है
उस दिन *जीवन* से
*दुःख* समाप्त हो जायेंगे।
લાઇવ ૨૨ કેરેટ દાગીનાનો ભાવ જાણવા મીસ કોલ કરો
9555811166
એ -૧૯, ઈન્દિરા માર્કેટ, અમરેલી
ph.No.(02792)223770/226868

### ગરણેશ્વર મહાદેવ મંદિર ખાતે

# બાબરાના ગરણીમાં રૂપિયા ૩૦ લાખના ખર્ચે દીવાલ બનાવવા શ્રી તળાવીયા હસ્તે ખાતમુહૂર્ત કરાયું

## ધારાસભ્યશ્રી જનકભાઇ તળાવીયાએ દિવાલ મંજુર કરાવી



તસ્વીર : અરૂણ ભટ્ટ

બાબરા, (દિપક કનૈયા)બાબરા તાલુકાના ગરણી ગામે આવેલા ગરણેશ્વર મહાદેવ મંદિર ના ફરતે નદી આવેલી હોય તેથી વારમવાર વરસાદી પાણી ભરાઇ જતાં જેથી નુકસાની તેમજ જાનહાનિ નો ભય રહેતો આથી બાબરા લાઠી દામનગર ના જાગૃત ધારાસભ્ય અને જીલ્લા પંચાયત સીચાઈ યોજના અંતર્ગત રૂપિયા ૩૦ લાખ પુર રક્ષણ માટે દીવાલ મંજૂર કરવામાં આવી છે લોકો ને માંગણી ને ધ્યાનમાં રાખીને ,દિવાલ મંજૂર થતાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા હસ્તે સમગ્ર ગ્રામજનો આગેવાનો ઉપસ્થિત મા ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું જેમાં બાબરા તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાખોલીયા જીલ્લા પંચાયત ના સભ્ય પ્રભાતભાઈ કોઠીવાળ જીલ્લા પંચાયત ના સિંચાઈ સમિતિના ચેરમેન ગરણી સરપંચ દામજીભાઈ લીબાસીયા, સહીત ગરણી પાનસડા ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા તેમજ આ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા ગરણેશ્વર મહાદેવ નો જળ અભિષેક કરવામાં આવ્યો હતો. ગ્રામજનો ના પ્રશ્ન ને વાચા મલતા ધારાસભ્ય જનકભાઈ તળાવીયા સહીત આગેવાનો નો ગરણી પાનસડા ગામના સરપંચ સહિત લોકો એ આભાર માન્યો હતો

# બાબરા તાલુકામાં કમોસમી વરસાદથી ખેડૂતોને નુકસાનીનો સર્વે કરાવી સહાય ચૂકવવા સરપંચ શ્રી વિપુલ કાચેલાની માંગ

## રાજ્યના કૃષી મંત્રી રાઘવજીભાઇ પટેલને પત્ર લખી રજુઆત કરાઇ



બાબરા, (દિપક કનૈયા)

તાજેતરમાં રાજ્ય કમોસમી વરસાદ પડતાં બાબરા પંથકમાં ખેડૂતો ને કમોસમી વરસાદથી થી ભારે નુકસાની થવા છે ધવ ચણા જીરૂ મરચાં જેવા પાકો ને નુકસાની થવા છે ,આ અંગે બાબરા તાલુકાના ખાખરીયા ગામના યુવા સરપંચ વિપુલભાઈ કાચેલા એ રાજ્ય સરકાર ના કુષી મંત્રી રાધવજીભાઈ પટેલ અને ધારાસભ્ય જનકભાઈ તળાવીયા સાંસદ નારણભાઈ કાછડીયા સહીત અધીકાર પદ અધીકારીઓ ને લેખીત મોખીત રજુઆત કરી જણાવ્યું હતું કમોસમી વરસાદથી ખેડૂતો ને શીયાળુ પાક રવી સીઝન પાક ને નુકસાની થઈ છે તે સરકાર દ્વારા સર્વે કરી ખેડૂતોને યોગ્ય સહાય ચૂકવવામાં આવે તેવી માંગ કરી હતી.

# બગસરામાં શ્રીઆપાગીગા ગાદી મંદિરે સુંદરકાંડ પરિવારનું સ્નેહમિલન યોજાયું

## ચલાલા શ્રીદાન મહારાજની જગ્યાના શ્રી પ્રયાગરાજ બાપુની ખાસ ઉપસ્થિતિ



બગસરા, (રૂપેશ રૂપારેલિયા)

બગસરામાં આવેલ સુ પ્રસિધ્ધ પ.પુશ્રીઆપાગીગા ગાદી મંદિર ખાતે બગસરા સુંદરકાંડ પરિવારનું નૂતનવર્ષની શરૂઆતમાં પ્રથમ સુંદરકાંડના પાઠ પૂ.આપાગીગા ગાદી મંદિરની જગ્યામાં કરવામાં આવેલ હતા સાથે સ્નેહ મિલનનો કાર્યક્રમ યોજાયો હતો વિગતનુસાર બગસરામાં ચાલતા છેલ્લા ૩૭ વર્ષથી અવિરત સુંદરકાંડ પરિવાર દ્વારા દર શનિવારે સુંદરકાંડના પાઠ થઈ રહ્યા છે ત્યારે દીપોત્સવ બાદ નૂતનવર્ષ અને પ્રથમ પાઠ બગસરાનાં સુપ્રસિધ આપાગીગા ગાદી મંદિર ખાતે સ્નેહ મિલન કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં ચલાલાના શ્રીદાન મહારાજની જગ્યાના શ્રીપ્રયાગરાજ બાપુએ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને પાઠનું ગુણગાન કર્યું હતું તેમજ સુંદરકાંડ પરિવારને શ્રીદાન મહારાજશ્રીના અવિરત આશિષ પ્રાપ્ત થાય અને સુંદરકાંડ પરિવાર હંમેશા નિરંતર પાઠ કરતા રહે તેવી શ્રીદાન મહારાજને પ્રાર્થના કરી હતી આ કાર્યક્રમમાં બગસરા શ્રીઆપાગીગા ગાદી મંદિરના મહંત પૂ.શ્રીજેરામબાપુ તેમજ જગ્યાના કોઠારી શ્રીહરીબાપુએ પધારેલ શ્રીપ્રયાગરાજ બાપુનું ફૂલહાર કરી શાલ ઓઢાડી સન્માન કર્યું હતું તેમજ સુંદરકાંડ પરિવાર વતી પિયુષભાઈ ભરખડા અને લાલભાઈ પરમારે શાલ ઓઢાડી સન્માન કર્યું હતું આ કાર્યક્રમનું સંચાલન બગસરા સુંદરકાંડના મોભી અને પ્રખર રામાયણી શ્રીચંદ્રહાસભાઈ બસિયા કરેલ હતુ

# નેશનલ બેઝબોલ ટુર્નામેન્ટમાં સાવરકુંડલાના ખેલાડીઓએ ભાગ લીધો

## પંજાબના સંગરૂરમાં યોજાનાર ટુર્નામેન્ટ માટે શુભકામના પાઠવતા ધારાસભ્યશ્રી કસવાલા



સાવરકુંડલા,(સૌરભ દોશી) ૩૬ મી સિનિયર નેશનલ બેઝબોલ રમત માં ભાઈઓ અને બહેનોની ટુર્નામેન્ટ પંજાબના (સંગરૂર)ખાતે યોજાયેલ છે તેમાં ભારતના ૨૨ રાજ્યોની ટીમે ભાગ લીધેલ છે તેમાં ગુજરાતની ટીમ માનનીય ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા સાવરકુંડલા- લીલીયા વિધાનસભા (ગુજરાત બેઝબોલ એસોસીએશનના પ્રમુખ) નાં માર્ગદર્શન હેઠળ અને અનિકેતભાઈ અને હર્ષાંગભાઈ ખોડાધરા (સેક્રેટરી ) અને વાઈસ સેક્રેટરી યોગેશ મારુ ના માર્ગદર્શન અંતર્ગત સિનિયર નેશનલ બેઝબોલ રમતસ્પર્ધામાંભાગ લીધેલ છે જેમાં ભાઈઓના કેપ્ટન તરીકે શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સાવરકુંડલા શાળા નાંવ્યાયામશિક્ષક શ્રીદીપકવાળા અને બહેનોમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સાવરકુંડલા નાં ચોડવડીયા ખુશી. સેવાઓ આપેલ જેમાં ગુજરાતની ટીમ ભાઈઓ અને બહેનોમાં કુલ ૩૨ ખેલાડીઓએ ભાગ લીધેલ છે જેમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સાવરકુંડલાના ૧૦ ખેલાડીઓએ ગુજરાતની ટીમમાં સામેલ હતા.ગુજરાતની બંને ટીમો દ્વારા ખૂબ જ પ્રભાવશાળી અને ઉત્કૃષ્ટ પ્રદર્શન કરેલ છે તેબદલ પ્રમુખશ્રી, સેક્રેટરી, શ્રી વાઈસ સેક્રેટરીશ્રી,રવિભાઈ અને કેતનભાઈ નો આભાર માનવામાં આવે છે ગુજરાતની ટીમ ભવિષ્યમાં સારૂ પ્રદર્શન કરે એવી શુભેચ્છા સાથે ઉતરોતર પ્રગતિ કરે તેવી શુભકામનાઓ સાવરકુંડલા લીલીયા વિધાનસભાના ધારાસભ્ય તથા ગુજરાત બેઝબોલ એસોસિએશન પ્રમુખશ્રી મહેશભાઈ કસવાળા એ આપી હતી.

# રાજુલા શહેરમાં મોડી રાત્રીના આખલાનો આતંક

## આખલાઓને કારણે અફડા તફડી સર્જાઇ : 3 બાઇક, લારીમાં નુકસાન કરતા ભયનો માહોલ



તસવીર અરૂણ ભટ્ટ

રાજુલા,

અમરેલી જિલ્લામાં આખલાનો આતંક હજુ પણ યથાવત જોવા મળી રહ્યો છે સમગ્ર જિલ્લામાં મોટાભાગના શહેરમાં આખલાની ગંભીર સમસ્યા જોવા મળી રહી છે જેના કારણે રાહદારીઓ શહેરીનો વાહન ચાલકોમાં સૌવથી મોટી હાલ શહેરી વિસ્તારમાં આખલાની સમસ્યા વધી રહી છે રાજુલા શહેરના જાફરાબાદ રોડ ઉપર આવેલ મુખ્ય માર્ગ ઉપર ૨ આખલાઓની વર્ચસ્વની લડાઈમાં ઘમાસાણ ચાલી અને આક્રમણ મૂડ વચ્ચે અફડા તફડી મચાવી સ્થાનિક લારી ધારકો વેપારીઓ આખલાનો દૂર ખસેડવામાં પાણી નાખ્યું લાકડીઓ લઈ રાડા રાડ કરી પરંતુ આખલાઓ છુટા પડવાના બદલે વધુ આક્રોષિત થયા અને રોડ ઉપરથી ઘર્ષણ કરતા કરતા બાઈક ઉડાવી લારીના ટેબલ પાણીના કેરબા અને બે બાઈકોને નુકસાન કર્યું ટોટલ ૩ બાઈકમાં આખલાના કારણે નુકસાન જોવા મળ્યું હતું જ્યારે આખલાઓ આક્રમણ રીતે ઘર્ષણ કરવા ઘમાસાણ કરી રહ્યા હતા સમગ્ર ઘટનાના વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયા છે.

૧૦મિનિટ કરતા વધુ સમય સુધી આખલાઓએ રીતસર હંગામો મચાવ્યો.૧૦ મિનિટ કરતા વધુ સમય સુધી આખલાઓએ રીતસર તેમનું રાજ હોય તેમ ઘમસાણ કરતા રાહદારીઓ વાહન ચાલકોમાં ફફડાટ ફેલાયો હતો અનેક વાહન બાઈકને હડફેટે લીધા નાના લારી ધંધા ધારકોને નુકસાન પોહચાડતા ભારે રોષ સાથે નારાજગી જોવા મળી રહી છે સ્થાનિક નગરપાલિકા તંત્ર આખલાને શહેરથી દૂર ખસેડવામાં નિષ્ફળ હોવાના દ્રશ્યો જોવા મળી રહ્યા છે.

રાજુલા શહેરના મોટાભાગના વિસ્તારમાં આખલા રાજ ચાલી રહ્યું છે.રાજુલા શાક માર્કેટ,મેઈજ બજાર પોલીસ સ્ટેશન ચોક,ટાવર ચોક, બસ સ્ટેન્ડ ચોક છતડીયા રોડ ભેરાઈ રોડ જાફરાબાદ રોડ વિવિધ માર્ગો ઉપર મોટાભાગે દિવસ દરમ્યાન આખલા રાજ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે તંત્ર નગરપાલિકાના વહીવટદાદર શાસન એક્ટિવ થઈ આખલા મુદ્દે કોઈ એક્સન પ્લાન બનાવે તે જરૂરી છે.

### વાહ ક્યા સીન હૈ..!



### યુગ

સાવરકુંડલા ના ગોસ્વામી પરિવાર નો લાડકો અમીતગીરી અને ગોપીબેન નો પુત્ર તથા દાદા અશોકગીરી અને દાદી દક્ષાબેન નો પૌત્ર તથા કાકા અર્જુનગીરી અને કાકી કોમલબેન નો ભત્રીજો તથા હેત, સીયા, હેનીલ અને આર્યવ નો ભાઈ ‘ યુગ ‘ નો આજે જન્મ દિવસ છે. આપ બધા પણ આવજો કેક ખાવા

# લાઠી શહેરમાં વિધવા નિરાધાર બહેનોને રાશન કીટનું વિતરણ

## શિવમ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત દ્વારા ૧૨૫ થી વધુ કીટો અપાઇ



લાઠી,(વિશાલ ડોડીયા)શિવમ ચેરિટેબલ ટ્રસ્ટ, સુરત દ્વારા થતી પર્યાવરણ સુધારણા, તથા સામાજિક વિવિધ પ્રવૃત્તિ પૈકી પ્રતિવર્ષ ની માફક આ વર્ષે પણ લાઠી ગામની વિધવા અને નિરાધાર બહેનોને રેશન કીટ નું વિતરણ, શ્રી પી.એમ.શંકર વિદ્યાલય, લાઠી ખાતે આજરોજ શંકર પરિવારના સભ્યો દ્વારા કરવામાં આવેલ છે. જેમાં ૧૨૫ કરતા વધુ કીટ નું વિતરણ કરવામાં આવેલ છે.

# રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ અધ્યક્ષ અને પૂર્વ મંત્રી ડો.વલ્લભભાઈ કથીરિયાનો આજે જન્મદિન

## ડો. કથીરિયાના જન્મદિને શુભકામનાઓનો ધોધ વહેશે



અમરેલી, ‘સેવાપરમોધર્મ‘ અને ‘ગૌસેવાદવારા રાષ્ટ્રસેવા‘ ના મંત્રને જીવનમાં આત્મસાત કરી સમગ્ર દેશમાં ગૌચેતના જગાવી ગૌ સંસ્કૃતિ ના પુનઃસ્થાપન માટે રાત-દિવસ પરિશ્રમ કરતા રાષ્ટીય કામધેનુ આયોગના પૂર્વ અધ્યક્ષ અને ભારત સરકારના પૂર્વ મંત્રી ડો. વલ્લભભાઈ કથીરિયાના વ્યકિતગત જીવનમાં માનવસેવાને પ્રાધાન્ય આપી ૧૩૨ વાર સ્વયેરકતદાન કરી યુવા વર્ગને જોડી જનચેતનાનું અભૂતપૂર્વ ઉદાહરણ પુરૂ પાડયુંછે. તબીબી વ્યવસાય સાથે સમાજસેવા ડો. કથીરિયાના જીવનનું અંગ બની રહયું. કિશોરવયથી આર.એસ.એસ.ના સંસ્કાર સિંચન અને અનેક સંતો-મહાનુભાવોના આશીર્વાદથી રાજનીતિનો જનકલ્યાણના શ્રેષ્ઠ માધ્યમ તરીકે ઉપયોગ કરનારા ડો. વલ્લભભાઈએ ‘ચેરીટી બીગીન્સ એટ હોમ‘ ના સિધ્ધાંતને જીવનમાં સાર્થક કરી બતાવ્યું છે.પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડો.કથીરિયાની ગુજરાતની ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડની કામગીરીથી પ્રભાવિત થઈને સમગ્ર દેશમાં ગૌસેવાની પ્રવૃતિનો વ્યાપ વધે તે માટે રાષ્ટ્રીય કામધેનુ આયોગ બનાવી રાષ્ટ્રીય કામધેનું આયોગના પ્રથમ ચેરમેન પદે ડો. કથીરિયાને નિયુક્ત કર્યા. આજે સમગ્ર દેશમાં ગુજરાત ગૌસેવા મોડેલ પ્રસ્થાપિત થાય તે માટે ડો. કથીરિયા ગૌઉપાસના, ગૌરક્ષા, ગૌસંવર્ધન ગૌપાલન, અને ગૌ આધારિત કૃષિ, આરોગ્ય, પર્યાવરણ અને ગ્રામ્ય વિકાસ દવારા સ્વાવલંબી અને સંસ્કારી સમાજ રચનામાં અબાલ-વૃધ્ધ અને ગરીબથો તવંગર સુધી સૌ કોઈ ગાયની સમજ કેળવે તે અર્થ સતત કાર્યરત રહી આમુલ પરિવર્તન માટે આજે સમગ્ર દેશમાં ગૌસેવાનું વાતાવરણ નિર્માણ પામે તે માટે અનેક રાજ્યોનો પ્રવાસ કરી માર્ગદર્શન આપી રહયા છે. ડો. કથીરિયાને જન્મદિને સ્નેહી-સંબધી, મિત્ર-તબીબી વર્તુળ, ભાજપા અને સંઘ પરિવાર તેમજ વિશાળ શુભેચ્છક સમૂદાય તરફથી અભિનંદન અને શુભકામનાઓ મળી છે. ડો. કથીરિયાનો મો.૯૦૯૯૩૭૭૫૭૭

### ખોડલધામ પ્રેરીત શ્રી લેઉવા પટેલ સમાજ ટ્રસ્ટ દ્વારા

# દામનગરમાં દ્વિતીય સમુહ લગ્નોત્સવ યોજાયો

## કમોસમી વરસાદ વચ્ચે લગ્નોત્સવમાં ૪૦૦ સ્વયંસેવકોએ સેવાઓ આપી



દામનગર, દામનગર ખોડલધામ પ્રેરિત શ્રી લેઉવા પટેલ સમાજ ટ્રસ્ટ દામનગર આયોજિત દ્વિતીય સમૂહ લગ્નોત્સવનું સંવત ૨૦૮૦ કારતક સુદ ૧૪ ને રવિવારે તા.૨૬/૧૨/૨૩ ના રોજ ગુરુકુળ પરિસર માં ભવ્ય આયોજન બાદ કમોસમી વરસાદ વચ્ચે સામાજિક પ્રસંગ પોતો નો હોય તેવા ઉમદા ભાવ સાથે દામનગર શહેર તેમજ આસપાસ ના ગ્રામ્ય વિસ્તારો માંથી ખોડલધામ સમિતિ ના ૪૦૦ સ્વંયમ સેવકો એ ગણતરી ની કલાક માં સમગ્ર મંડપ સમિયાણો ભોજન સ્ટેજ બેઠક વ્યવસ્થા અદભુત સ્થળાંતર કરી એકતા નો પરિચય કરાયો હતો અઘરું કામ પણ એકતા થી કરય તો આવી અકલ્પનિય સફળતા મળે તેવો સુંદર સદેશ આપ્યો હતો સહજાનંદ એજ્યુકેશન ટ્રસ્ટ ગુરુકુળ ના કોલેજ બિલ્ડીંગ માં ખોડલધામ પ્રેરિત સમસ્ત લેઉવા પટેલ સમાજ ટ્રસ્ટ નો દ્વિતીય સમૂહ લગ્નોત્સવ ભવ્ય રીતે સંપન્ન કર્યો હતો વરસતા વરસાદ વચ્ચે સમાજ ની દીકરી ઓને ભવ્ય રીતે સાસરે વળાવી હતી ૧૬ નવદંપતી અને મહેમાનો ને કોઈ જાત ની અગવડ ન પડે તેવી ઉત્તમોત્તમ સુવિધા ગણતરી ની કલાકો માં ઉભી કરી સમાજ સેવા નું ઉત્તમ ઉદારણ પૂરું પાડ્યું આ તકે અનેકો સંતો અને ઉદારદિલ દાતા ખુશખુશાલ થતા વરસતા વરસાદ વચ્ચે આટલું ભવ્ય અને દિવ્ય આયોજન એકાએક સ્થળાંતર કરવા નું કપરું કાર્ય કરતી ખોડલધામ ટીમ ઉપર પુષ્પ વર્ષા કરતા સમારોહ ના અધ્યક્ષ હસમુખભાઈ નાકરાણી સમારોહના ઉદ્ઘાટક છગનભાઈ સિમેડિયા ભરતભાઈ નારોલા દુબઇ માનવ સેવા ટ્રસ્ટ ની સ્વામી નિર્દોષાનંદ હોસ્પિટલ ના બી એલ રાજપરા મગનભાઈ રામાણી દિલીપભાઈ કોઠીયા ધારાસભ્ય જનકભાઈ તળાવીયા ગોપાલભાઈ વસ્તપરા તુષારભાઈ લુણાગરિયા સહિત ના મહાનુભવો અને મહેમાનો એ પોતા ના વક્તવ્ય માં સમાજ સેવા અને એકતા ને વારંવાર વંદનીય સેવા ગણાવી હતી ખોડલધામ સમિતિ અને સમસ્ત લેઉવા પટેલ સમાજ નો દ્વિતીય સમૂહ લગ્નોત્સવ ગુરુકુળ પરિસર માં સંપૂર્ણ ગોઠવાયા બાદ એકાએક વરસાદ થી ત્વરિત સમગ્ર સમિયાણો પલળી જતા માત્ર ત્રણ કલાક ના ટૂંકા ગાળા માં કોલેજ બિલ્ડીંગ માં ભવ્ય લગ્ન મંડપો લાઈટ ડેકોરેશન બેઠક ભોજન સ્ટેજ વ્યવસ્થા ઉભી કરી આફરીન કરતી ખોડલધામ ટીમ ની સર્વત્ર સરાહના સાથે પુષ્પવૃષ્ટિ થી અભિવાદન કરાયું હતું ખોડલધામ મહિલા સમિતિ ઓ અને નાના મોટા ગ્રામ્ય વિસ્તારો માંથી પધારેલ ખોડલધામ સમિતિ ના દરેક સ્વંયમ સેવકો એ આ પ્રસંગ પોતા ના અંગત પરિવાર નો હોય તેવી તત્પરતા દર્શાવી હતી ખોડલધામ સમિતિ અને સમસ્ત લેઉવા સમાજ ટ્રસ્ટ દામનગર દ્વારા આયોજિત દ્વિતીય સમૂહ લગ્નોત્સવ ને ભવ્ય સફળતા સાથે સંપન્ન કરાયો હતો વરિષ્ઠ સંતો અને ઉદારદિલ દાતા એવમ સમાજ શ્રેષ્ટિ ઓ એ ૧૬ નવદંપતી ઓને અંતર થી આશિષ પાઠવતા જણાવ્યું હતું કે આપનું જીવન દૈવી બને સુખ સમૃદ્ધ અને આદર્શ દામ્પત્ય જીવન માં આપનો દરેક શબ્દ પ્રાર્થના બને પ્રત્યેક કર્મ યજ્ઞ બને એવું તેજો મય જીવન ની શીખ સાથે નવદંપતી ઓને આશિષ પાઠવ્યા હતા.

### સામાજિક સંસ્થા દ્વારા અનેરૂ કાર્ય

# બગસરામાં દિવાળી પર્વે ૨૫૦ પરિવારોને મીઠાઇ વિતરણ કરી

## મીઠાઇ સાથે ફરસાણ વિતરણ કર્યુ : જરૂરીયાતમંદોને પાંચ વર્ષથી કરાતી મદદ



બગસરા, (રૂપેશ રૂપારેલિયા)

બગસરાની યુવાનો દ્વારા સંચાલિત સંસ્થા દ્વારા શહેરમાં રહેતા ગરીબ પરિવારો ના ચહેરા પર સ્મિત લાવવા માટે છેલ્લા પાંચેક વર્ષથી અનેક પ્રકારની મદદ કરવામાં આવી રહી છે.બગસરાના યુવાનો દ્વારા સંચાલિત સામાજિક સંસ્થા બિઈંગ સ્માઈલ ફોર સમવન તેમના નામ મુજબના ગુણ ધરાવે છે. તહેવારોના સમયમાં ગરીબ પરિવારોના ચહેરા પર સ્મિત લાવવા માટે અનેક પ્રકારની કામગીરી કરવામાં આવે છે.

આ દિવાળી સમયે સંસ્થાના યુવાનો દ્વારા પછાત વિસ્તારના ૨૫૦ પરિવારોને મીઠાઈ તથા ફરસાણની કીટ અર્પણ કરી હતી. આ ઉપરાંત છેલ્લા પાંચ વર્ષમાં જરૂરિયાત મંદ લોકોને રાશનનું વિતરણ, કડકડતી ઠંડીના સમયમાં લોકોને ધાબળા પહોંચાડવા, શહેરની તમામ સરકારી શાળાઓમાં ધોરણ એકના વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ આપવી. ધનવાન લોકોના બિન ઉપયોગી કપડા તથા તેમના પગરખા એકત્ર કરી જરૂરિયાતના લોકોને પહોંચાડવા, જેવા કાર્ય કરી આ વર્ષ દરમિયાન રૂપિયા એક લાખ જેવી રકમની સહાય લોકો સુધી પહોંચાડેલ છે.તેમજ આગામી સમયમાં મંદબુદ્ધિ ના બાળકો ને સાધન સહાય તથા વૃદ્ધાશ્રમના લોકોને જરૂરિયાતની વસ્તુઓ પૂરી પાડવી સહિતના અનેક સેવાકીય કાર્યોનું આયોજન કરેલ છે તેમના આ કાર્યને અનેક લોકો દ્વારા બિરદાવવામાં આવેલ છે.


**લોકગીત, ભજન ગવરાવવા માટે મળો**

લગ્ન ગીતમાં (૧) ગણેશ સ્થાપન ગીત (૨) કંકોતરી ગીત (3) પીઠીનું ગીત (૪) જાન આગમન ગીત (૫) પોખણાનું ગીત (૬) ગાયરાનું ગીત (૭) કન્યાનાં ગીત (૮) વરરાજાનું ગીત (૯) કન્યા વિદાય ગીત વગેરે લગ્નગીત તથા ભજન લોકગીત ગવરાવવા માટે સંપર્ક કરો

સંપર્ક : મો.૯૩૧૬૧ ૦૦૨૪૪, ૯૩૨૮૯ ૫૨૬૦૩

સાંજીંદા વાળાએ સંપર્ક કરવો

**તાત્કાલીક વેચવાનું છે**

- ઓફીસ ટેબલ....................૧
- ઓફીસ ચેર......................૧
- ફ્રીઝ ૧૬૫ લીટર................૧
- ૪ X ૪ કાર કેરીયર...............૧
- ૨ X ૨ ઇકોની સીટ...............૨

મો.૯૪૨૮૯ ૭૦૯૫૪

**ભાડેથી આપવાની છે**

પાટીદાર રેસ્ટોરન્ટ વાળી જગ્યા ભાડેથી આપવાની છે. સાવન સીમેન્ટની બાજુમાં, સોનાલીકા ટ્રેકટરની સામે, લાઠી રોડ, અમરેલી.

સંપર્ક : રમેશભાઇ વામજા

મો.૯૯૨૫૨ ૧૧૬૬૯, ૭૬૦૦૨ ૩૬૬૬૯



FASTag Easy to Cruise

દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો

વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો

મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

અમરેલીનું ગૌરવ **હોટલ રોયલ ફોરચ્યુન**

રૂમ્સ એન્ડ કોફીબાર

A/C રૂમ એન્ડ નોન A/C રૂમ



મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ

ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં

કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી

સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

**વેચવાનું છે**

જુની ઇંટો તેમજ બારી દરવાજા તેમજ કોટા પથ્થર, લાદી વ્યાજબી ભાવે વેચવાના છે

જુની પોલીસ લાઇન, ખાખબાઇ રોડ, રાજુલા

હસુભાઇ મો.૯૩૨૮૬ ૧૦૩૫૨ | જીગાભાઇ મો.૮૭૮૦૪ ૦૪૦૮૭

**રૂદ્ર એન્ટરપ્રાઇઝ**

ગેરેન્ટેડ લેડીઝ ઇમીટેશન જવેલરીમાં દિપાવલી ધમાકા ઓફર

માત્ર રૂા.૧૫૦૦ ની ખરીદી પર ૧૦% તથા રૂા.૨૫૦૦ ની ખરીદી પર ૨૦% વળતર મેળવો

આ ઓફર માત્ર મર્યાદિત સમય માટે જ

કિચનવેર તથા પ્લાસ્ટીકવેરની વેરાયટીઓ મળશે



સ્થળ : દુકાન નં.૭૩, સરદાર શોપીંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી મો.૬૩૫૪૩ ૫૩૬૫૦

**ઉધઈ ન થવાની ૧૦ વર્ષની ગેરેંટી**

પેસ્ટ કંટ્રોલર

ઉધઈ થી બચો

આપના મકાન, ફર્નિચર, ટેનામેન્ટ, ઓફિસ તથા મકાનનું બાંધકામ કરતી વખતે ઉધઈની ટ્રીટમેન્ટ કરવા માટે સંપર્ક કરો ઉધઈ ન થવાની ટ્રીટમેન્ટ ઈન્જેક્શન દ્વારા કામકરી આપશુ ગેરેંટી માટે બીલ બનાવી આપવામાં આવશે.

મયુર મકવાણા : ૬૩૫૩૮ ૬૨૫૮૩

## રાજયના કૃષિમંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલને પત્ર પાઠવતા ધારાસભ્યશ્રી હીરાભાઇ સોલંકી

# દરિયાકાંઠાના ગામોમાં ખેડુતો માછીમારોને વ્યાપક નુકશાન

**રાજુલા જાફરાબાદ પંથકના ગામોમાં કમોસમી વરસાદને કારણે ભારે આર્થિક મુશ્કેલી સર્જાઇ**

**ખેતીમાં ઉભેલા પાક અને સીઝનનાં રોકડીયા પાકમાં કમોસમી વરસાદે ભારે નુકશાન કર્યુ**

**ખેડુતોની ખેતીની જમીનોમાં પાણી ભરાઇ ગયા માછીમારોને પણ નુકશાન થતા ભારે ફટકો**

**ખેડુતો માછીમારોને થયેલી નુકશાનીનો સર્વે કરાવવા અને સહાય આપવા સહિતની માંગ**



રાજુલા,

રાજુલા જાફરાબાદ પંથકમાં કમોસમીવરસાદનાકારણેનુકસાનજતા ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ સરકારમાં રજુઆત કરી રાજયમાં કમોસમી વરસાદના કારણે અનેક જીલામાં નુકસાન જોવા મળી રહ્યું છે સૌરાષ્ટ્ર ભરમાં કમોસમી અતિ ભારે વરસાદ પડ્યો હતો જેના કારણે અનેક ધરતી પુત્રોની મુશ્કેલી વધી છે અમરેલી જિલ્લામાં આવેલ રાજુલા જાફરાબાદ વિસ્તારનાધારાસભ્યહીરાભાઈ સોલંકી દ્વારા કૃષિમંત્રી રાઘવજી પટેલને પત્ર મારફતેરજૂઆતોકરવામાંઆવીછેજેમાં તારીખ ૨૫ અને તારીખ ૨૬ના રોજ સમગ્રગુજરાતમાંવરસાદપડતાંરાજુલા જાફરાબાદ ખાંભા વિસ્તારમાં ભારે વરસાદ થયો હતો તેના કારણે ખેડૂતોની ખેતીની જમીનમાં ઉભેલા પાક અને ખળામાં પડેલ રોકડીયા પાકને ભારે નુકસાન થયું છે પરિણામે ખેડૂતોને આર્થિક રીતે અતિ મુશ્કેલીમાં મુકાયા છે અનેઆવરસાદનાકારણેખેડૂતોખેતીની જમીનમાં પાણી ભરાયેલ હોય જય શકે તેમ હાલમાં નથી આવી રાજય સરકાર સમક્ષ પત્ર મારફતે રજૂઆતો કરવામાં આવી છે.

## માછીમારોને પણ મોટું નુકસાન હોવાની રજુઆત

**ખેડુતો, માછીમારો માટે ખાસ પેકેજ જાહેર કરવા હીરાભાઇ સોલંકીની માંગણી**

રાજુલા,જાફરાબાદ શિયાળબેટ બાબરકોટના લોકો જેઓ માછીમારી વ્યવસાય સાથે જોડાયેલા છે તેમણે એકઠો કરેલ જથો જે દંગામાં જાહેર સંગ્રહ કર્યો હતો તે બગડી જતા અને આ જથો વેચાણ માટે લાયક રહે નહીં દિવસના સતત વરસાદના કારણે માછીમારો વ્યવસાયને પણ નુકસાન થયું છે આ વ્યસાય ઉપર આર્થિક નિર્વાહ ચલાવતા માછીમારોને અત્યંત કફોડી સ્થિતિમાં મુકાયા છે ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ કહ્યું ખેડૂતો અને માછીમારોને ઘણું બધું નુકસાન ગયું છે મારા સમક્ષ અનેક રજૂઆતો આવી છે મેં સરકારના કૃષિમંત્રીને લેખિત રજૂઆતો કરીછે ખેડૂતો અને માછીમારી માટે જરૂરી સહાય પેકેજ જાહેર કરવા માટે લેખિત રજૂઆત કરી છે

## યુએનએલએફ અને સુરક્ષા દળો વચ્ચેની દુશ્મનાવટનો અંત

# ભારત સરકાર અને મણિપુર સરકારે નવી દિલ્હીમાં યુએનએલએફ સાથે શાંતિ સમજૂતી પર હસ્તાક્ષર કર્યા

**પ્રથમ વખત ખીણ સ્થિત મણિપુરી સશસ્ત્ર જૂથ હિંસાનો ત્યાગ કરીને અને ભારતના બંધારણ અને દેશના કાયદાઓનું સન્માન કરવા સંમત થઈને મુખ્ય પ્રવાહમાં પાછા ફરવા સંમત થયું**

નવી દિલ્હી, (પીઆઈબી)

એક ઐતિહાસિક ઘટનાક્રમમાં ભારત સરકાર અને મણિપુર સરકારે આજે નવી દિલ્હીમાં મણિપુરના સૌથી જૂના ખીણ સ્થિત સશસ્ત્ર જૂથ યુનાઈટેડ નેશનલ લિબરેશન ફ્રન્ટ (યુએનએલએફ) સાથે શાંતિ સમજૂતી પર હસ્તાક્ષર કર્યા હતા. યુએનએલએફની રચના ૧૯૬૪માં કરવામાં આવી હતી અને તે ભારતીય પ્રદેશની અંદર અને બહાર બંને રીતે કાર્યરત છે. આ સમજૂતી સામાન્ય રીતે પૂર્વોત્તર અને ખાસ કરીને મણિપુરમાં શાંતિના નવા યુગની શરૂઆત કરવા માટે સજ્જ છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે કહ્યું હતું કે, આ સિદ્ધિ ઐતિહાસિક છે. ગૃહમંત્રીએ 'એક્સ' પર પોતાની પોસ્ટમાં કહ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીનાં સર્વસમાવેશક વિકાસ અને પૂર્વોત્તર ભારતમાં યુવાનોને ઉજ્જવળ ભવિષ્ય પ્રદાન કરવાનાં વિઝનને સાકાર કરવામાં આ એક સીમાચિહ્નરૂપ સિદ્ધિ છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિઝન મુજબ અને કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ ભારત સરકારે વર્ષ ૨૦૧૪થી પૂર્વોત્તર ક્ષેત્રના કેટલાક સશસ્ત્ર જૂથો સાથે આતંકવાદનો અંત લાવવા અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે સમજૂતીઓ પર હસ્તાક્ષર કર્યા છે.

## ખાદ્યાન્ન અને પોષણ સુરક્ષા માટે ઐતિહાસિક નિર્ણય

# ૮૧.૩૫ કરોડ લાભાર્થીઓને પાંચ વર્ષ માટે મફત અનાજ: કેબિનેટનો નિર્ણય

**પીએમજીકેએવાય હેઠળ ખાદ્ય સબસિડી પર કેન્દ્ર સરકાર આગામી ૫ વર્ષમાં અંદાજે રૂ. ૧૧.૮૦ લાખ કરોડનો ખર્ચ કરશે**

નવી દિલ્હી, (પીઆઈબી)

પ્રધાનમંત્રીની આગેવાની હેઠળની મંત્રીમંડળે નિર્ણય લીધો છે કે ૧ જાન્યુઆરી, ૨૦૨૪થી કેન્દ્ર સરકાર પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (પીએમજીકેએવાય) હેઠળ આશરે ૮૧.૩૫ કરોડ લાભાર્થીઓને પાંચ વર્ષના ગાળા માટે નિઃશુલ્ક અનાજ પ્રદાન કરશે. આ એક ઐતિહાસિક નિર્ણય છે, જે પીએમજીકેએવાયને વિશ્વની સૌથી મોટી સામાજિક કલ્યાણ યોજનાઓમાં સ્થાન આપે છે, જેનો ઉદેશ પાંચ વર્ષનાં ગાળામાં અંદાજે રૂ. ૧૧.૮૦ લાખ કરોડનાં ખર્ચે ૮૧.૩૫ કરોડ વ્યક્તિઓ માટે ખાદ્ય અને પોષણ સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે.

પીએમજીકેએવાય હેઠળ ૧.૧.૨૦૨૪થી ૫ વર્ષ માટે વિનામૂલ્યે અનાજ (ચોખા, ઘઉં અને બરછટ અનાજ/બાજરી) ખાદ્ય સુરક્ષાને મજબૂત બનાવશે તથા વસતિનાં ગરીબ અને નબળાં વર્ગોની કોઈ પણ પ્રકારની નાણાકીય મુશ્કેલીને હળવી કરશે. તે એક સામાન્ય લોગો હેઠળ ૫ લાખથી વધારે વાજબી ભાવની દુકાનોનાં નેટવર્ક મારફતે તમામ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિના મૂલ્યે અનાજની ડિલિવરીમાં રાષ્ટ્રવ્યાપી એકરૂપતા પ્રદાન કરશે.

## વિકસિત ભારત સંકલ્પ યાત્રા : અમરેલી જિલ્લો

# આજે સાવરકુંડલાના બાઢડા અને જાબાળ ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાશે

**સાંસદ શ્રી નારણભાઈ કાછડિયાની ઉપસ્થિતિમાં લાભાર્થીઓને લાભાન્વિત કરવામાં આવશે**

અમરેલી,

વર્ષ-૨૦૪૭ સુધીમાં આઝાદીના સતાપ્દી પર્વે વિકસિત ભારત બનાવવાના સંકલ્પને ચરિતાર્થ કરવાના હેતુથી સમગ્ર દેશ સહિત રાજયમાં યોજાઈ રહેલી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ને બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. આવતીકાલ તા.૩૦ નવેમ્બર, ૨૦૨૩ ગુરુવારના રોજ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના બાઢડા અને જાબાળ ગામે પ્રાથમિક શાળાના પટાંગણમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે, વિશેષ કાર્યક્રમ પણ આ તકે યોજાશે. સાંસદ શ્રી નારણભાઈ કાછડિયાની ઉપસ્થિતિમાં લાભાર્થીઓને લાભાન્વિત કરવામાં આવશે. આવતીકાલ તા.૩૦ નવેમ્બર, ૨૦૨૩ ગુરુવારના રોજ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રવચનને નિહાળી શકાશે. વધુમાં તે પ્રવચન વેબસાઈટ https&// pmindiawebcast.nic.in પર જીવંતપ્રસારણનિહાળીશકાશે. 'વિકસિત ભારતસંકલ્પયાત્રા'ના પૂર્વનિર્ધારિત રુટ મુજબ 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' ધારી તાલુકાઓના ગામડાઓમાં તા.૨૯ ડિસેમ્બર સુધી પરિભ્રમણ કરશે. જ્યારે સાવરકુંડલા તાલુકામાં તા. ૦૧ જાન્યુઆરી, ૨૦૨૪ સુધી પરિભ્રમણ કરશે. કુંકાવાવ તાલુકામાં તા.૧૬ ડિસેમ્બર સુધી પરિભ્રમણ કરશે. રાજુલા તાલુકામાં આ યાત્રા તા.૨૮ ડિસેમ્બર સુધી પરિભ્રમણ કરશે. બાબરા તાલુકામાં તા.૨૨ ડિસેમ્બર સુધી પરિભ્રમણ કરશે. મહત્વનું છે કે, વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન સરકારની કલ્યાણકારી યોજનાઓ જેવી કે, આયુષ્યમાન ભારત યોજના, પ્રધાન મંત્રી આવાસ યોજના, ઉજ્જવલા યોજના, પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના, કિસાન સન્માન યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ, પોષણ અભિયાન, હર ઘર જલ-જલ જીવન મિશન, દીનદયાલ અંત્યોદય યોજના, જીવન જ્યોતિ વીમા યોજના, સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના, નેનો ફર્ટિલાઈઝર યોજના સ્વામિત્વ યોજના, જનધન યોજના, પ્રધાનમંત્રી ગરીબ અન્ન કલ્યાણ યોજના, પ્રાકૃતિક કૃષિ અને રાસાયણિક ખાતરોનો વપરાશ ઓછો કરવા સહિતની ૧૭ યોજનાઓને આવરી લેવામાં આવી છે. આમ વિકસિત ભારતના સંકલ્પને ચરિતાર્થ કરવા જન કલ્યાણકારી યોજનાઓ આ યાત્રા દ્વારા છેવાડાના પ્રત્યેક માનવી સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે.

# કેરીયાનાગસમાં નાકરાણી પરિવાર દ્વારા વાસ્તુ પુજન કાર્યક્રમ યોજાયો

**સાંસદશ્રી નારણભાઇ કાછડીયા, નાયબ દંડક શ્રી કૌશીકભાઇ વેકરીયા, ભરતભાઇ સુતરીયા, હનુભાભા સહિતની ઉપસ્થિતી**

તસવીર : અરૂણ ભટ્ટ



કેરીયાનાગર, (ભરત હરખાણી)

અમરેલીનાં કેરીયાનાગસ ગામે મુળ કેરીયાનાગસનાં વતની અને સુરત રહેતા ઉદ્યોગપતિ શ્રી પરોશતમભાઇ ગોવિંદભાઇ નાકરાણી તેમજ સંજયભાઇ નાકરાણી અને પોતાનાં વતન કેરીયાનાગસમાં બાવીલા નામથી બંગાલો બનાવ્યો છે તેનું વાસ્તુ પુજન થયું હતું. બીજા દિવસે તુલસી માતાનાં વિવાહ યોજાયાં હતાં. તે નિમિતે લોકડાયરામાં મનસુખભાઇ વસોયા, યોગીતાબેન પટેલ, નથુદાન ગઢવી, વિજયભાઇ ગઢવી, કેશુભાઇ ગાંગડીયાએ ડાયરો જમાવ્યો હતો.

આ પ્રસંગે સાંસદશ્રી નારણભાઇ કાછડીયા, કૌશિકભાઇ વેકરીયા, ભરતભાઇ સુતરીયા, હનુભાભા ધોરાજીયા, ઉપસ્થિત રહ્યાં હતાં અને ત્રીજા દિવસે નવચંડી, વાસ્તુયજ્ઞ પણ યોજાયો હતો. તુલસી વિવાહ જનમેદની ઉમટી પડી હતી તેમ નાકરાણી પરિવારે જણાવ્યું છે.


આવતા તહેવારોના શુભ અવસરે વસાવો
''માઇલેજનો મહારથી''
BAJAJ
ટુ વ્હીલર
CT 110 | Platina 100
સર્વશ્રેષ્ઠ માઇલેજ | 85* Per Liter
ન્યુનતમ મેન્ટેનન્સ
વૃંદા ઓટો (બજાજ)
ગોપી સિનેમા સામે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૩૮૩૧ ૩૯૩૩૩

દુનિયાનો સૌથી સસ્તો 4G ફોન
JioBharat 4G digital life
હવે મેળવો જીયો ભારત ફોન
₹999 Only
માત્ર Rs.999/- માં
: લીમીટેડ સ્ટોક :
૧ મહિના માટે...
Rs.999 + 123 = Rs. 1122/-
૧ વર્ષ માટે...
Rs.999 + 1234 = Rs. 2233/-
Vi, Idea, Airtel, BSNL નંબરને જીયો ફોનમાં ચાલુ કરી આપીશું.
વધુ માહિતી માટે રૂબરૂ મુલાકાત લો... | ઓથો. Jio ડિસ્ટ્રીબ્યુટર્સ
તેજસ ટેલીકોમ – લક્ષ્મીનારાયણ મંદીરની બાજુમાં, અવધ ડેરીફાર્મ પાસે, સ્ટેશન રોડ, અમરેલી. મો. ૯૭૧૪૦ ૪૦૯૪૦
બ્રાન્ચ તેજસ ટેલીકોમ – કહાનકુંજ પાસે, સરદાર ચોક, અમરેલી.

॥ માતૃકૃપા ॥
પંજાબી | ચાઇનીઝ | ગુજરાતી | કાઠીયાવાડી | દાલ - બાટી બુધ - ગુરૂ
દરરોજ બપોરે ગુજરાતી થાળી ફક્ત રૂા.૯૯/- માં
દરરોજ રાત્રે કાઠીયાવાડી થાળી ફક્ત રૂા.૯૯/- માં મળશે
પાર્ટી ઓર્ડર સ્વીકારવામાં આવશે - પાર્સલ સુવિધા ઉપલબ્ધ
ગણેશ ફેમેલી રેસ્ટોરન્ટ
ધ્રુવભાઇ મો.૯૪૨૯૮ ૮૯૯૮૫ - વિરાજભાઇ મો.૯૪૨૮૮ ૬૬૧૨૬
એરિકભાઇ મો.૯૮૨૫૪ ૯૭૫૪૭
કેરીયા રોડ, બાયપાસ, કોન સર્કલ પાસે, અમરેલી

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઇ શકે...
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

શુભ પ્રસંગોને કાયમી સંભારણુ બનાવવા માટેનું શ્રેષ્ઠ સ્થળ
કલાપી બેન્કવેટ
પ્રસંગ તમારો, આંગણીયું અમારૂ
શહેરની મધ્યમાં આવેલ 'રાજકમલ ચોક' લોકાલીટીમાં આવેલ 'રોયલ પેરેડાઇઝ કોમ્પલેક્ષ' ખાતે
• લગ્ન માટે સંગીત-સંધ્યા • ચાંદલાવીધી • રીસેપ્શન • બર્થ-ડે-પાર્ટી • શ્રીમંતવીધી • ઓરકેસ્ટ્રા પ્રોગ્રામ • માતાજીના ભજન • ડાયરો મુંડન-સંસ્કાર • નાટક • સ્કુલ એન્યુઅલ ફંકશન • કંપની કોર્પોરેટ ડીસ્ટ્રીબ્યુટર મીટીંગ • એવોર્ડ ફંકશન • બેસણું • પ્રાર્થનાસભા
તેમજ નાના-મોટા શુભપ્રસંગો માટે ૧૫૦ લોકોની કેપેસીટી સુધી આધુનિક સગવડતો સાથે મોટા ચાર નાના મોટા એસી ફંકશન હોલ, બેન્કવેટ હોલનું બુંકીંગ શરૂ કરી રહ્યા છીએ.
વ્યાજબી ભાડુ, યોગ્ય કેટરર્સ, ડેકોરેટર્સ વિગેરેની સર્વિસ આપવામાં આવશે
પિનાકીન ચિત્તલીયા મો.૯૮૨૦૦ ૨૮૦૦૪, ૮૩૫૬૮ ૪૯૧૯૩

અમરેલી બ્રાન્ચ | ॥ જય શ્રી સ્વામિનારાયણ ॥ | સુરત બ્રાન્ચ
અરજણભાઇ પટેલ મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો.૯૬૮૭૦ ૪૭૨૯૫
અક્ષય પટેલ મો.૭૦૯૯૦ ૪૧૦૦૮
www.shyamcaterers.com
આપને ત્યાં આવતા શુભ પ્રસંગોમાં બુફે ડિનર પાર્ટી, રીશેપ્સન પાર્ટી, બર્થડે પાર્ટી, સર્વિસ સાથે કેટરર્સ કરી આપીશુ
SHYAM Caterers
શ્યામ કેટરર્સ
The King of catering service
હેડ ઓફીસ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫
બ્રાન્ચ ઓફીસ : બી-૧૧૧, રોયલ પ્લાઝા, પટેલ પાર્ક, સોસાયટી સામે, સુવિધા રો હાઉસ પાસે, સીમાડા નાકા, B.R.T.S. રોડ, સુરત

આપના આંગણે આવતા શુભ પ્રસંગો માટે સુવર્ણ અલંકારો ખરીદવા માટેનું સર્વશ્રેષ્ઠ...
કલકતી, એન્ટીક, રોઝ ગોલ્ડ, જડતર, તથા લાઇટ વેઇટ ડાયમંડ જ્વેલરી...
સોના-ચાંદીના દાગીના તથા ૧ ગ્રામ ફોર્મીંગ જ્વેલરીની વિશાળ રેન્જ મેળવવા માટે અમારા નવ નિર્માણ શો-રૂમની અવશ્ય મુલાકાત લો...
વર્ષોથી વિશ્વાસની પરંપરા સાથે...
એમ. વિઠ્ઠલદાસ જ્વેલર્સ (શેડુભારવાળા)
દાણા બજાર, ટાવર પાસે, અમરેલી. ફોનઃ (૦૨૭૯૨) ૨૨૨૬૩૫
મો. ૯૯૦૯૩ ૬૬૬૦૦, ૯૯૯૮૫ ૧૪૩૦૧.

essilor | fastrack | Ray-Ban | ZEISS | Kodak CLARITY
ઠંડા ગોગલ્સ | પુમા | સનગ્લાસ | કાર્ટીયર | ટેગ ઓવર
દરેક બ્રાન્ડેડ કંપનીના ચશ્મા તેમજ કોન્ટેક લેન્સ બનાવનાર અરજન્ટ ચશ્મા બનાવનાર
ડો. સાહેબની સલાહ મુજબના નંબરવાળા ચશ્મા બનાવનાર
સમીર ચશ્મા ઘર
મોટા બસ સ્ટેન્ડ સામે, પેટ્રોલ પંપની સામેની ગલીમાં, એઇમ્સ હોસ્પિટલ (જીવનધારા) પાસે, અમરેલી
ડ્રાઇવીંગ લાઇસન્સ તથા દરેક આઇકાર્ડ, યુનિકકાર્ડ, ચુંટણીકાર્ડ, ડુપ્લીકેટ બનાવનાર
મો.૯૪૨૮૭ ૦૭૪૧૭, ૭૩૮૩૪ ૫૧૯૭૧

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૩૦-૧૧-૨૦૨૩ ગુરૂવાર

# ઝૂમ બરાબર ઝૂમ બિહારી... આ નીતિશ કુમારને હવે શરાબમાં ઝબોળાયેલી સસ્તી લોકપ્રિયતા જોઈએ છે

બિહારના મુખ્યપ્રધાન નીતિશ કુમારે રાજ્યમાં દારૂબંધી અંગે સર્વે કરાવવાનો આદેશ આપતાં બિહારની દારૂબંધી ફરી ચર્ચામાં છે. છેલ્લા સાત વર્ષથી દારૂબંધીનું પૂંછડું ઝાલીને બેઠેલા નીતીશ કુમાર હાંફી ગયા છે અને સર્વેનું નાટક કરીને તેનાં તારણોને આધારે દારૂબંધી હટાવી દેવાનો તખ્તો ઘડી રહ્યા હોવાની વાતો વહેતી થઈ છે.
નીતીશે પોતે દાવો કર્યો છે કે, હું બિહારનો મુખ્ય પ્રધાન છું ત્યાં સુધી બિહારમાં દારૂબંધી રહેશે જ પણ રાજકારણીઓના દાવા પર કેટલો ભરોસો કરવો એ સૌ જાણે છે. એ લોકો બોલત કંઈક હોય છે ને કરતા કંઈક અલગ હોય છે. નીતીશ પણ તેમાં અપવાદ નથી જ એ જોતાં એ પણ દારૂબંધી નહીં હટે એવી વાતો કરીને છેવટે લોકોના અભિપ્રાયને આગળ કરીને દારૂબંધી હટાવી દે એવી શક્યતા નકારી ના શકાય.

નીતીશ બિહારમાંથી દારૂબંધી હટાવી દે તો એ મોટી વાત કહેવાશે કેમ કે નીતીશે ખરેખર બહુ ઝીંક ઝીલી છે. બિહારમાં નિતીશ કુમારે ૨૦૧૫માં ફરી સત્તા સંભાળી તેના એક અઠવાડિયામાં જ દારૂબંધી દાખલ કરી દીધેલી. નીતીશ કુમારે પોતે દારૂબંધીનું વચન આપેલું ને પોતે આપેલાં ચૂંટણી વચનોના અમલની દિશામાં પહેલું કદમ ઉઠાવીને બિહારમાં એક એપ્રિલ ૨૦૧૬થી સંપૂર્ણ દારૂબંધીના અમલની જાહેરાત કરી હતી.

નીતીશની આ જાહેરાત મહત્ત્વની હતી કેમ કે ત્યારે ભારતમાં ગુજરાત, મણિપુર, નાગાલેન્ડ તથા કેરળ એ ચાર રાજ્યોમાં જ દારૂબંધી હતી. આ પૈકી સંપૂર્ણ દારૂબંધી તો મણિપુર અને ગુજરાતમાં જ હતી એ જોતાં નીતીશ કુમારનો લઘુમતીમાં જોડાવાનો નિર્ણય હિંમતભર્યો હતો.

બિહારમાં દારૂ પરના કરવેરામાંથી જંગી કમાણી થતી હતી. દર વરસે એક હજાર કરોડ રૂપિયા કરતાં વધારે કર મળતો હતો. દારૂ બનાવનારી જાણીતી કંપનીઓ બિહારમાં ૧,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરીને બેઠી હતી અને તેના કારણે સેંકડો લોકોને રોજગારી મળતી હતી. બિહારમાં ટુરિઝમના કારણે પણ સારી એવી આવક થાય છે ને ટુરિઝમના વિકાસમાં દારૂ મહત્ત્વનો ભાગ ભજવે છે.

નીતીશ કુમારના નિર્ણયના કારણે બિહારે દારૂના કરવેરાની કમાણી, દારૂની કંપનીઓનું રોકાણ તથા રોજગારી અને ટુરિઝમની આવક ત્રણેય ગુમાવવા પડશે એવી ચેતવણી અપાયેલી છતાં નિતીશે પોતે આપેલું વચન પૂરું કરવા દારૂબંધી લાગુ કરીને હિંમતભર્યો નિર્ણય લીધો હતો. નીતીશે બિહારની ચૂંટણી વખતે આપેલા દારૂબંધીના વચનના કારણે મહિલાઓના મત તેમને જંગી પ્રમાણમા મળ્યા હતા તેથી તેમણે તાબડતોબ દારૂબંધી દાખલ કરી નાંખેલી કે જેથી મહિલાઓ જેડીયુ સાથે જ રહે.

નીતીશના આદેશના પગલે ૨૦૧૬માં એક એપ્રિલથી બિહારમાં દારૂબંધીનો અમલ શરૂ થયો ત્યારે સૌ હસતાં હતાં. નીતીશે જોશમાં ને જોશમાં દારૂબંધીનો નિર્ણય લઈ તો લીધો પણ લાંબું નહીં ખેંચી શકે એવા ટોણા તેમના વિરોધી મારતા હતા. તેનું કારણ એ હતું કે ભારતમાં દારૂબંધીનો ઈતિહાસ બહુ વરવો છે. મોટા ઉપાડે દારૂબંધીના ચાળે ચડેલા ઘણા મુખ્ય પ્રધાનો પછી પાણીમાં બેસી ગયા એવો ઈતિહાસ છે. આ કારણે નીતીશ પણ બહુ જલદી પાણીમાં બેસી જશે એવી વાતો થતી હતી પણ નીતીશ મક્કમ રહ્યા ને સાત વર્ષ ખેંચી કાઢ્યાં. બિહારમાં દારૂબંધીની વિપક્ષોએ બહુ ટીકા કરી છે.

લઠ્ઠાકાંડ પણ થયા છે ને છતાં નીતીશ ઝૂક્યા નથી. નીતીશ સારું ને સાચું કરી રહ્યા છે કે નહીં એ ખબર નથી પણ આ દેશમાં બહુ ઓછા મુખ્ય પ્રધાન દારૂબંધીને વળગી રહી શક્યા છે. અત્યારે ગુજરાત અને બિહાર એ બે મોટાં રાજ્યો ઉપરાંત નાગાલેન્ડ અને મિઝોરમમાં જ દારૂબંધી છે. ગુજરાતે ગાંધીજીના નામે દારૂબંધીને વળગી રહેવું પડ્યું છે જ્યારે નાગાલેન્ડ અને મિઝોરમમાં ખ્રિસ્તીઓના વિરોધના કારણે રાજકીય કારણસર દારૂબંધીને અપનાવી છે. બિહારની એવી કોઈ મજબૂરી નથી છતાં નીતીશ જીદે ચડીને દારૂબંધીને વળગી રહ્યા છે. બાકી ભલભલા મુખ્યપ્રધાનો પાણીમાં બેઠેલા છે.

આઝાદી વખતે મોટા ભાગનાં રાજ્યોમાં દારૂબંધી હતી પણ ૧૯૬૦ સુધીમાં બધાં રાજ્યો દારૂની કમાણીની લાલચમાં દારૂબંધી હટાવીને બેસી ગયેલાં, એક માત્ર ગુજરાત અડીખમ રહેલું. ગુજરાતનું જોઈને ઘણાં રાજ્યો દારૂબંધી તરફ વળ્યાં પણ ફાવ્યાં નહીં. તમિલનાડુમાં ૧૯૭૭માં એમ.જી. રામચંદ્રને દારૂ પર નિયંત્રણો લાદેલાં પણ ત્રણ વરસમાં નિયંત્રણો હટાવી લેવાં પડ્યાં. બિહારમાં જ કર્પૂરી ઠાકુરે ૧૯૭૭માં દારૂબંધી દાખલ કરેલી પણ ચાર મહિનામાં તો દારૂબંધીના તબેલાનો સંકેલો કરી લેવો પડેલો.

આંધ્રપ્રદેશમાં મહિલાઓએ દારૂના દૂષણ સામે મોરચો માંડ્યો પછી એન.ટી. રામારાવની સરકારે ૧૯૯૪માં દારૂબંધી દાખલ કરેલી પણ તેમને ઉથલાવીને ગાદી પર ચડી બેઠેલા તેમના જમાઈ ચંદ્રાબાબુ નાયડુએ ૧૯૯૭માં દારૂબંધી હટાવી લીધેલી. હરિયાણામાં ૧૯૯૬માં બંસીલાલની હરિયાણા વિકાસ પાર્ટી અને ભાજપ સત્તામાં આવ્યાં ત્યારે બંસીલાલે પહેલી જાહેરાત રાજ્યમાં દારૂબંધીની કરેલી.

૧૯૯૮માં બંસીલાલની પાર્ટીને લોકસભાની ચૂંટણીમાં એક જ બેઠક મળી એટલે બંસીલાલના માથેથી દારૂબંધીનો નશો ઉતરી ગયો ને તેમણે શાણપણ વાપરીને સંકેલો કરી લીધો. મિઝોરમમાં ખ્રિસ્તી નેતાઓના દબાણ હેઠળ ૧૯૯૫થી દારૂબંધી હતી પણ ૨૦૧૪માં મિઝોરમ પણ પાણીમાં બેઠું ને દારૂબંધી હટાવી લીધી. છેલ્લે કેરળે ૨૦૧૪માં દારૂબંધી કરેલી પણ ૨૦૧૭માં ડાબેરી મોરચાની સરકાર આવતાં હટાવી દેવાયેલી.

નીતીશે વિરોધ સામે ઝીંક ઝીલીને દારૂબંધી ટકાવી છે પણ હવે અચાનક દારૂબંધી અંગે સર્વે કરાવતાં નીતીશ પણ પાણીમાં બેસશે કે શું એવો સવાલ થઈ રહ્યો છે. નીતીશની રાજકીય કારકિર્દી અને કશું કર્યા વિના સત્તામાં ટકી રહેવાની અવડતને જોતાં નીતીશ એવું પગલું ભરે એવી શક્યતા ઓછી છે. બલકે લોકસભાની ચૂંટણીમાં આ સર્વેનો પણ મુદ્દો બનાવી નાંખે એવું વધારે લાગે છે.

દારૂબંધીના કારણે બ્લેક મનીનું સમાંતર અર્થતંત્ર અને ગુનાખોરીનું નેટવર્ક ઊભું થાય છે એ સાચું પણ તેના કેટલાક ફાયદા છે. નીતીશ એ ફાયદાનો ઉપયોગ લોકસભાની ચૂંટણીમાં પોતાના ફાયદા માટે કરે એવું લાગી રહ્યું છે. બિહારમાં દારૂબંધીના કારણે મહિલાઓની સલામતી વધી છે, લોકોની બચત વધી છે, ગુનાખોરી ઘટી છે એવાં તારણે દ્વારા નીતીશ બિહારને પોતે સુધારી નાંખ્યું એવું ચિત્ર ઊભું કરી નાંખે એવી શક્યતા નકારી ના શકાય. નીતીશ ખેલાડી છે તેથી ગમે તે કરી શકે.

## બાબરાના ચમારડી ગામ નજીક રીક્ષા સાથે બાઈક અથડાતા મહિલાને ઈજા

### બાઈક ભટકાવી બંને પગમાં ઈજા કરી ફેક્ચર કરી નાસી ગયો

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર)
મુળ ધરાઈ હાલ સુરત રહેતી દક્ષાબેન તેમજ તેમના પતી ચોટીલા દર્શન કરી ધરાઈ ગામે પોતાના ઘરે પરત ફરતા હોય. ત્યારે બાબરા તાલુકાના ચમારડી ગામ નજીક રાત્રીના ૧૦ કલાકે રીક્ષા સાથે હોન્ડા સી.ડી. ડીલક્ષ એમપી.૪૩.ડી.એસ.૮૮૮૨ના ચાલકે પુર ઝડપે અને બે ફીકરાઈથી માનવ જીંદગી જોખમાયો તે રીતે ચલાવી રીક્ષામાં બેઠેલા દક્ષાબેન સાથે ભટકાવી બંને પગમાં તેમજ કમરમાં ઈજાઓ કરી ડાબા પગમાં ફેક્ચર કરી નાસી ગયાની બાબરા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે.

## મોણપુરમાં પરણીતાને ત્રાસ અપાયો

### સાસરીયાઓએ ત્રાસ આપી કાઢી મુક્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર)
અમરેલી તાલુકાના મોણપુર ગામે ભારતીબેન ઉર્ફે ભાવનાબેન દિપકભાઈ મકવાણા ઉ.વ.૨૩ ને સાસુ જસુબેન મોહનભાઈ, સસરા મોહન સોમાભાઈ, જેઠાણી અનીતાબેન રાજુભાઈ, પતી દિપક મોહનભાઈ મકવાણાએ તુ કાળી છો તેમજ ઘર કામ અંગે અવાર નવાર મેણા મારી ત્રાસ આપી ગાળો બોલી ધમકી આપી ઘરેથી કાઢી મુક્યાની ચલાલા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે.

### હિંદુ મુસ્લિમ બિરાદરોની ઉપસ્થિતિમાં

## સાવરકુંડલાનાં વાંશીયાળીમાં માતાજીનો માંડવો યોજાયો

### સાંસદશ્રી કાછડીયા, શ્રી જીતુભાઇ કાછડીયા, કાળુભાઇ લુણસર સહિતની ઉપસ્થિતી



અમરેલી,
વાંશીયાળી ગામે કાદરભાઈ બાવળીયાને ભુવા શ્રી કાદરભાઈ મેલડીમાના તેમના વાડીએ માંડવો રાખેલ હિન્દુ મુસ્લિમ એકતા આજુબાજુ ગામના તમામ ગામના તમામ લોકો માતાજીની માંડવામાં હાજર રહેલા લોકલાડીલા સાંસદ નારાયણભાઈ કાછડીયા તેમજ તાલુકા પંચાયત પ્રમુખશ્રી જીતુભાઈ કાછડીયા પૂર્વ સદસ્ય કાળુભાઈ લુણસર તેમજ બાંધકામ સમિતિના પૂર્વ ચેરમેન પુનાભાઈ તાલુકા ભાજપ મહામંત્રી પ્રકાશભાઈ તમામ ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ માંડવામાં તમામનું ફુલહારથી ને ચાલ ઉડાડીને સન્માન કરેલું કાદરભાઈ બાવળીયા આગેવાનોનું સન્માન કર્યુ

## નાગેશ્રીનાં તુલસિવિવાહમાં ધર્મસભા સંબોધતા શ્રી સોલંકી

### ધર્મસભામાં સાધુ સંતોના આર્શિવચન : સરપંચો સહિત આગેવાનોની ઉપસ્થિતી

નાગેશ્રી,આજરોજ સ્વ.દ.શ્રી ભીમબાપુ મામૈયાબાપુ વરુ પરિવાર નાગેશ્રી ખાતે (૪૨-બાબરીયાવાડ) ભવ્ય તુલસિવિવાહ નિમિતે 'ધર્મસભા' માં ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ હાજરી આપી સાધુ-સંતોના આશીર્વાદ લીધા હતા. આ ભગીરથ કાર્યમાં વૃંદાવન બાગ રામપરાથી પ.પૂ રાજેન્દ્રદાસબાપુના આશીર્વાદ મેળવી આ ધર્મસભામાં સહભાગી થવાનું સદભાગ્ય પ્રાપ્ત થયું હતું..આ તકે સાધુ-સંતો સરપંચ ગ્રામજનો તથા વિવિધ ક્ષેત્રના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સરપંચ નરેન્દ્ર ભાઈ તથા ગ્રામ્ય જેનો ભાજપ અગ્રણી રવુભાઈ તથા બાબરીયાવાડના વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહે રામપરા ગામે જાન લઈ અને ગયા હતા.

## ખાંભાના પીપળવા ગામે યુવાન ઉપર હુમલો

### મહિલાએ મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર)
ખાંભા તાલુકાના પીપળવા ગામે રહેતા જગદિશભાઈ ભાણાભાઈ ધાખડા ઉવ.૩૪ ઘરબહાર ઉભેલ હોય ત્યારે તેની બાજુમાં રહેતા સંબંધી લાભુબહેન ભીખાભાઈ બગડાએ હાથમાં લાકડી લઈ તેના દિકરા રાહુલએ તેમની જેઠની દિકરીને ભગાડી જતો રહેલ જે મનદુખ રાખી ગાળો બોલી ડાબા પડખામાં પાટુ મારી ધમકી આપ્યાની ખાંભા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે.

## હરિદ્વાર ખાતે આંતર રાષ્ટ્રીય હિન્દુ પરિષદનું રાષ્ટ્રીય મહાસંમેલન યોજાશે

### તા. ૧ થી ૪ ડિસેમ્બર સુધી મહાસંમેલન યોજાશે

આંતર રાષ્ટ્રીય હિન્દુ પરિષદ નું રાષ્ટ્રીય મહા સંમેલન 'હરિદ્વાર' ખાતે તારીખ ૧, ૨, ૩, ૪ ડિસેમ્બર ૨૦૨૩ યોજાયેલ છે, જેમાં કચ્છ જિલ્લા માં થી વિભાગ અને જિલ્લા સ્તર નાં કાર્યકર્તા ભાગ લેવા આજે રવાના થયા, પ્રાંત મહામંત્રી શ્રી શશીકાંત પટેલ ની સાથે શ્રી રાજેશભાઈ જેઠી, શ્રી ચેતન ઠક્કર, શ્રી કુલદીપસિંહ જાડેજા, શ્રી નરેન્દ્રસિંહ જાડેજા, શ્રી ગિરિરાજસિંહ રાણા, શ્રી લચચૈજૈર સરદાર, શ્રી પરેશભાઈ માંકાની, શ્રી રાજુ પટેલ, હરિ ભાઈ કોલી, સહિત અનેક કાર્યકર્તા સંમેલનમાં ઉપસ્થિત રહેશે.

## બગસરામાં પોલીસનું સન્માન કરાયું

### ગાયના ટાટીયા ભાંગી નાખનાર આરોપીને ગણતરીઓની કલાકમાં ઝડપી લેતા સન્માન કર્યુ




બગસરા,(સમીર વિરાણી)
બગસરા તાલુકાના શાપર ગામે હમણાં જ થોડાક સમય પહેલા એક નરાધમ દ્વારા ગાય માતા ના પગ ભાંગી કૃત્ય કરનાર આરોપી ને એસ.પી હિમ કર સિંહ ની સૂચનાથી ડીવાયએસપી ભંડારી ના માર્ગદર્શન હેઠળ બગસરા પોલીસ ના પીઆઈ પારગી તથા પોલીસ સ્ટાફ દ્વારા ગણતરીઓની કલાકમાં પકડી પાડી જાહેરમાં સરભરા કરાવી હતી જેના લીધે બગસરા હિન્દુ મુસ્લિમ સમાજના આગેવાનો તથા વેપારીઓ દ્વારા બગસરા પોલીસ પીઆઈ તથા પોલીસ સ્ટાફનું સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.


## રાજુલાથી સારંગપુર એસટી બસ શરૂ કરવા માંગણી

### સાળંગપુર જતા ભાવિકોને પડતી મુશ્કેલી : ધારાસભ્ય સમક્ષ ભાવિકો દ્વારા રજૂઆત

રાજુલા,
રાજુલા થી સાળંગપુર જવા માટે અનેક ભાવિકો આવતા જતા હોય છે પરંતુ સારંગપુર જવામાં બસ મળતી હોય છે પરંતુ પરત કરતી વેળાએ ભારે હાલાકી પડી રહી છે ત્યારે રાજુલા થી સારંગપુર સ્પેશિયલ બસ શરૂ કરવા માંગણી ઉઠવા પામી છે.રાજુલા થી સારંગપુર વહેલી સવારે ૯:૦૦ વાગે બસ ચાલુ કરવામાં આવે જે બપોરે ત્યાં પહોંચે અને બાદમાં સાંજે ૭:૩૦ વાગે સારંગપુર ની આરતી કર્યા બાદ ભાવિક ભરત આવી શકે તે માટે આ બસની રિટર્ન બસ ચાલુ કરવામાં આવે તો અમરેલી બોટાદ સાળંગપુર અને સાવરકુંડલા પણ મોટી રાતે રાજુલા આવવા માટે બસ મળી રહે આ દિશામાં યોગ્ય કાર્યવાહી કરવા ભાવિકોમાં માંગણી ઉઠવા પામી છે.હા બસ વહેલી તકે ચાલુ કરવા માટે રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી સમક્ષ પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છ.

## ડો. પ્રશાંત કાલાવાડિયાને બિઝનેશ એવોર્ડ અપાયો

### ૨૪૦૦ થી વધુ દર્દીઓની સારવાર કરી ૧૦૦ ટકા દર્દીઓને સાજા કર્યા



અમરેલી,
